| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૯/૧૦/૨૦૨૨ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૭૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૭ | ૨,૯૯,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાંણાની હારજીતનો જુગાર રમતા ૧૦ ઈસમોને કુલ્લે રુપિયા ૧૭,૪૫,૦૦૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

**ગુન્હા નિવારણ શાખાઃ-**

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૧૮.૧૦.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, અ.હે.કો.જયપાલસિહ વિજયસિહ બ.ન.૩૭૬૯, અ.હે.કો. અનિરુધ્ધસિહ ધીરુભાઈ બ.ન.૮૯૯૦, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ચાંદખેડા શીવ શકિતનગર BRTS બસ સ્ટેન્ડની ડાબી બાજુમા આવેલ કર્ણાવતી કુપ્લેક્ષના ચોથા માળે ડાબી બાજુ આવેલ ઓફિસમા આરોપી અતીશ કમલેશભાઈ શાહ રહે. સીબી/૨૦ નિગમનગર સોસાયટી, ન્યુ સી.જી.રોડ ચાંદખેડા અમદાવાદ તથા નહી મળી આવેલ આરોપી ગુલાબસિગ બાજવા રહે.ચાંદખેડા અમદાવાદ શહેર નાઓએ એકબીજાની મદદગારીમા રહી પોતાના આર્થીક ફાયદા સારુ બહારથી માણસો બોલાવી ગંજીફાના પાનાથી અંદર બહાર નો હારજીત નો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૩,૫૫,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૭,૪૫,૦૦૦/- ના મુદામાલ સાથે ૧૦ આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૮૨૨૦૭૧૨/૨૦૨૨ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:**

(૧) અતીશ કમલેશભાઈ શાહ રહે.સીબી/૨૦ નિગમનગર સોસાયટી, ન્યુ સી.જી.રોડ ચાંદખેડા અમદાવાદ (૨) રણજીત ભલાજી ઠાકોર રહે.મ.ન.૩૨૯ લાલસાવાડ આઝાદચોક, વટવા ગામ અમદાવાદ (૩)જયેશ મગનભાઈ દેસાઈ રહે.૯૯૯ ગોપાલનગર સોસા.વિ.૧ મેમનગર અમદાવાદ (૪) બલરાજ પુંજાજી ઠાકોર રહે.૯૬૭/૧ રામનગર, ઠાકોરવાસ,સાબરમતી, અમદાવાદ શહેર (૫) અજય ચંદુભાઈ ઠાકોર રહે.ગામ- પુંધ્રાસણ વાસ ગામ- પોર તા.જી.ગાંધીનગર (૬) ગોપાલ બળદેવજી ઠાકોર રહે.મહાદેવવાળો વાસ, અડાલજ ગામ અમદાવાદ (૭) ક્લ્પેશ પ્રહલાદભાઈ ઠાકોર રહે.ખાડીયાની ચાલી સુભાષબ્રીજ નીચે સાબરમતી અમદાવાદ (૮) ગોપાલભાઈ ભીખાભાઈ ઠાકોર રહે.હનુમાનવાસ, અડાલજ ગામ, તા.જી.ગાંધીનગર (૯) બળદેવ પુંજાજી ઠાકોર રહે.૧૦૧૭, રામનગર ઠાકોરવાસ, સાબરમતી, અમદાવાદ (૧૦) રાકેશ ચંદુજી ઠાકોર રહે.મહાદેવવાસ, અડાલજગામ તા.જી.ગાંધીનગર

**નહી પકડાયેલ આરોપી:**

ગુલાબસિંગ બાજવા રહે.ચાંદખેડા અમદાવાદ

**ગુનાની જગ્યા :**

ચાંદખેડા શીવશકિતનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડની ડાબી બાજુ આવેલ કર્ણાવતી ડુપ્લેક્ષના ચોથા માળે ડાબી બાજુ આવેલ ઓફિસમાં

**પકડાયેલ મુદામાલ :**

(૧) રોકડા રુપિયા ૩,૫૫,૦૦૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૧૦ કિ.રુ.૨,૯૦,૦૦૦/- (૩) કેટ સ્કેનર સેટ-૧ કિ.રુ.૧,૦૦,૦૦૦/- (૪) વાહનો નંગ ૭ કિ.૧૦,૦૦,૦૦૦/ મળી કુલ્લે રૂ. ૧૭,૪૫,૦૦૦/ નો મુદામાલ




**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૧/૨૦૨૨**

**ખોખરાઃ** જીગ્નેશભાઇ મહેશભાઇ જાની (ઉ.વ.૪૯)(રહે.મારૂતી પ્લાઝા, ગોપી ચોક, વાડજ)એ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૨ રાતના ૮/30 થી તા.૧૨/૦૯/૨૦૨૨ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે સી.ટી.એમ ચાર રસ્તા પાસે આવેલ “માનસી હોન્ડા”ના શો-રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, શો-રૂમમાંથી રોકડ રૂપિયા ૮૯,૨૧૬/- તેમજ અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૬ કિંમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૨૧૬/- મતાની ચોરી કરી લઇ નાસી ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી તેજપાલસિંહ પુરાણસિંહ ચલાવે છે.

**રામોલઃ** હજારીલાલ ચંન્દ્રનારાયણ વૈશ્ય (ઉ.વ.૫૩)(રહે.હરિનગર સોસાયટી ગુરૂકુપા સ્કુલ રોડ કેનાલ પાસે, સી.ટી.એમ રામોલ) એ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૨ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રીટાનગર પાસે ગાંધી લેપ્રોસી સેવા સંઘની સામે કેનાલ ઉપર “ઓમ ટેકક્ષો ફેગ મીલ મશીન” નામના કારખાનાની પાછળની દિવાલનુ પતરૂ ખોલી, અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, ઓફિસમાં મુકેલ તિજોરીનું તાળુ તોડી, રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**રામોલઃ** રમેશભાઈ જીવાભાઈ પટેલ (ઉ.વ.૫૦)(રહે.ક્રીસ એવન્યુ-૨ વસ્ત્રાલ રામોલ) એ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૧૬/૧૦/૨૨ ના કલાક ૧૧/30 વાગ્યા દરમ્યાન રામોલ સીટીએમ ચાર રસ્તા પાસે આવેલ સીટીએમ ટેક્ષટાઈલ મીલ ખાતે આવેલ રમેશભાઇની ફેક્ટરીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઓફીસોના લોક તોડી કબાટમાંથી રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મુકેશભાઇ બાબુભાઇ સોંલકી (ઉ.વ.૨૦)(રહે.રામાપીર ની ચાલી, અર્બન હેલ્થ સેન્ટર ની સામે, ખોડિયાર નગર, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૨ બપોરના ૧/૫૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પૂર્વ કિનારે આંબેડકરબ્રીજ અને વાસણા બેરેજ ની વચ્ચે ધોબીઘાટ પાછળ રિવરફ્રન્ટ વોક-વે સી.ડી.નંબર-૪૨ નજીક સાબરમતી નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર દુરબીનસિંહ ચલાવે છે.

**શાહીબાગઃ** વિષ્ણુ દિનેશભાઇ પટણી (ખોખરીયાવાળા) (ઉ.વ.૨૨)(રહે.અસારવા તળાવના છાપરા ગેટ નં-૨ ની પાસે અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ સંતોષીમાતાના મંદિર નજીક અસારવા તળાવમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી